| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૭/૦૧/૨૦૨૪ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## રાણીપ પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહીબીશન સબંધી ગુનો કરતા ઇસમની પાસા હેઠળ અટકાયત કરવા બાબત.

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ ,અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ દ્વારા રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશનની પ્રવુત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોઇ જે સુચના આધારે અત્રેના પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહીની પ્રવુત્તી આચરતા પકડાયેલ ઇસમ અબ્દુલ મુત્લીબ ઉર્ફે મુન્ના ઉર્ફે કાળિયો સ/ઓ સાહુલહમીદ જાતે શેખ ઉંવ.૪૫ રહે:એ/૯ અલ-સાદાબ પાર્ક, લવલી પાર્ક ની સામે બરફ ની ફેકટરી પાસે, વિશાલા સર્કલ, જુહાપુરા, અમદાવાદ શહેર મો- ૯૭૨૩૮૩૯૯૬૫ નાઓને મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા હુકમ નંબર ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૫૫/૨૦૨૪ તા.૨૬/૦૧/૨૦૨૪ અન્વયે પાસા હેઠળ અટકાયત કરી તા-૨૬/૦૧/૨૦૨૪ ના રોજ પાસા હુકમની બજવણી કરી વડોદરા જેલ ખાતે અટકાયતમાં રહેવા સારૂ યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

### કામગીરી કરનાર કર્મચારી

(૧) અ.હે.કો. શૈલેશકુમાર મહાદેવભાઇ બ.નં. ૯૭૫૪
(૨) અ.પો.કો. નાગજીભાઇ હરિભાઇ બ.નં. ૧૨૧૩૩
(૩ )અ.પો.કો. દિલીપભાઇ વીરજીભાઇ બ.નં.૧૧૯૪૬

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૧/૨૦૨૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૫૩ લીટર દેશી દારૂ, ૨૯૩૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૯૪૨૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ ટ્રક કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૫૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૨/૨૦૨૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૧૪૩/૨૦૨૪**

**નવરંગપુરાઃ** આર્યન હસમુખભાઈ શાહ (ઉ.વ.૩૫) (રહે. આયોજનનગર સોસાયટી, જીવરાજ મહેતા હોસ્પીટલ પાસે પાલડી) એ તા.૨૬/૦૧/૨૦૨૪ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આર્યન શાહની ઓફીસ ખાતે નોકરી કરતા આરોપી (૧) પવન ભરતભાઈ સોની (રહે. ઉમિયાતીર્થ એપાર્ટમેન્ટ, શાયોના સીટી પાછળ, ચાંદલોડીયા અને વડોદરા ખાતે આવેલ સી.એચ.જવેલર્સના માલીક (૨) પાર્થ સોની એ ભેગા મળી તા.૨૮/૦૪/૨૦૨૩ થી તા.૦૭/૦૬/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા સી.જી.રોડ પરીસીમા બિલ્ડીંગ સામે કંચન જંગા એપાર્ટમેન્ટ બી-૪ ખાતે જહોરી સન્સ જવેલર્સ પ્રા.લી.ની ઓફીસ ખાતેથી આર્યન શાહ પાસેથી ટુકડે-ટુકડે કુલ ૧૭૧૯.૧૬૦ ગ્રામ વજનના ૨૨ કેરેટના સોનાના દાગીના લઈ જઈ તેના બદલે ૯૭૪.૮૬૦ ગ્રામ ૨૪ કેરેટ સોનુ પરત આપેલ અને બાકી ૭૪૪.૩૦ ગ્રામ સોનુ કિમત રૂપિયા ૪૫,૪૧,૩૯૬/- પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જે.બલાત ચલાવે છે.

**સાયબર ક્રાઈમઃ** વિરસિંહ રણધીરસિંહ ચૌહાણ (ઉ.વ.૩૬) (રહે. સ્વાતિ ક્રિમસન વેનીશીયન વિલાની બાજુમાં શીલજ) એ તા.૨૬/૦૧/૨૦૨૪ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૮/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન MD CARS HYDERABAD નામના આઈ.ડી તેમજ OLX એપ્લીકેશનમાં યુ.આર.એલ.લિંક https://www.olx.in/ad/1734764359 પર MERCEDES C300 PETROL MOTOR CAR વેચાણ માટેની જાહેરાત મુકતા જેમાં આપેલ મોબાઈલ નંબર ૯૦૫૨૮૬૪૦૭૪ ઉપર **વિરસિંહ** ચૌહાણ એ કાર ખરીદ કરવા વાતચીત કરતા મીર મોહિઉદ્દીન અલીખાન નામની વ્યક્તિએ **વિરસિંહ** ચૌહાણને વિશ્વાસ અને ભરોસો આપી કાર બજાર કિમત કરતા સસ્તા ભાવે વેચાણ આપવાની લોભામણી લાલચ આપી તેઓના બેંકના ખાતામાં રૂપિયા ૨૮,૦૦,૦૦૦/- મેળવી લઇ કાર નહી આપી તેમજ ભરેલ નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.એચ.મકવાણા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૪૨૦૨૪**

**નારોલઃ** યુસુફખાન મકબુલખાન પઠાણ (રહે. રસુલ કડીયાની ચાલી ચેપી રોગ દવાખાના સામે બહેરામપુરા) એ તા.૨૫/૦૧/૨૦૨૪ રાતના ૯/૩૦ વાગે નારોલ પીપળજ-પીરાણા રોડ ટોરેન્ટ પાવર સામે ગફુરભાઇ ભરવાડના પાર્કીંગમાં ટાટા મોટર્સ કંપનીની ટ્રક નંબર જીજે ૧૮ એયુ ૭૭૮૮ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૬/૦૧/૨૦૨૪ સાંજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ યુસુફખાન પઠાણએ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ કાળીદાસ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૫/૨૦૨૪**

**નિકોલઃ** શૈલેષભાઈ બાબુભાઈ પટેલ (ઉ.વ.૫૪) (રહે. શિક્ષાપત્રી પ્લેટેનીયમ રસપાન પાર્ટી નિકોલ) તા.૨૬/૦૧/૨૦૨૪ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે કઠવાડા ફોર્ચુનર એસ્ટેડ પ્રણામ સેન્ટર પ્રાઈઝ ખાતે કન્ટેનરમાંથી પ્લાય ની સિટ ઉતારવા કન્ટેનરનો દરવાજો ખોલતા હતા ત્યારે પ્લાય ની સિટ તેમની ઉપર પડતા નિચે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી ગીતાબા અનિરૂધ્ધસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી